અપીલ અરજી નં.૪૭૩ તા.૧૫–૧૨–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી રમેશચંદ્ર આઈ.ગોરસાવાળા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશચંદ્ર આઈ.ગોરસાવાળાની તા. ૨૦–૧૦–૧૧ની અરજીથી વોર્ડ નં.૩/૨૦૨ અને ૨૦૨–અ નવાપુરા ઘાંચી શેરી ખાતે આવેલ ગેરકાયદેસર બાંધકામ બાબતે માંગવામાં આવેલ મુદ્દા નં.(૧)થી (૭)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૫–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૭૩/૨૦૧૧–૧૨

શ્રી રમેશચંદ્ર આઈ.ગોરસાવાળાની તા. ૨૦–૧૦–૧૧ની અરજીથી વોર્ડ નં.૩/૨૦૨ અને ૨૦૨–અ નવાપુરા ઘાંચી શેરી ખાતે આવેલ ગેરકાયદેસર બાંધકામ બાબતે માંગવામાં આવેલ મુદ્દા નં.(૧)થી (૭)ની માહિતી આપવા બાબતેઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં. સે.ઝોન / આરટીઆઈ / આ.નં./ ૧૪૯૫ તા.૧૫–૧૧–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો તુમાર સહ રજૂ કરવા તેમજ ચેક જમા લેવાયો હોવા છતાં બાકીની વિગતો અંગે દફતર નહી હોવાના પ્રત્યુત્તર અંગે દફતરી હકીકત રજૂ કરવા સાથે દફતર નહી ઉપલબ્ધ હોવા અંગે નાશ–નિકાલના કારણોની વિગત સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૩૦૨ તા.૨૨–૧૨–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને મૂળ અરજીથી માંગેલ માહિતી, ફી ભર્યાની વિગતો રજૂ કરેલ ન હોઈ તે રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ. ૧૯૬૨ તા.૯–૧–૧૨ થી નોંધ વિભાગ, અરજદારને પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.૧૪૯૫ તા.૧૫–૧૧–૧૧ થી આપેલ માહિતી નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પુરક વિગતો અત્રે રજુ કરેલ નથી.

અરજદારની તા.૨૦–૧૦–૧૧ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોનમાં કરવામાં આવેલ. જે અંગે અરજદારે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં. સે.ઝોન / આરટીઆઈ / આ.નં. / ૧૪૯૫ તા.૧૫–૧૧–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૫–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જે બાબતે અરજદારે અરજીમાં મુદ્દા નં.(૧) વોર્ડ નં.૩/૨૦૨ અને ૨૦૨–અ મિલકતમાં પ્લાન મંજુર કરાવવામાં આવેલ છે ખરો? જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૩/૨૦૨ અને ૨૦૨–અ વાળી મિલ્કત અંગે સેન્ટ્રલઝોન ખાતે થી પ્લાન મંજુર કરેલ હોવાનું રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેવું સમય મર્યાદામાં જણાવેલ. મુદ્દા નં.(૨) આ બાંધકામ સને ૨૦૦૮ ની સાલમાં કરવામાં આવેલ હતું ? જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી આ બાંધકામ સને ૨૦૦૮ ની સાલમાં જ થયેલ હોવા બાબતના રેકર્ડ ઉપલબ્ધ નથી. તેવુ જણાવેલ. મુદ્દા નં.(૩) આ ગેરકાયદેસર બાંધકામ બાબતે તેના માલિકને નોટીસો અને મનાઈ હુકમો આપવામાં આવેલ હતાં ખરા? કયારે ? કઈ તારીખે? કોની સહીથી? જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી મિલકતદારને સે.ઝોન/એન્જી./ આઉટ/૩૬૮૬ તા.૧૧–૧૨–૦૮ થી મનાઈ હુકમ તથા સે.ઝોન/એન્જી./આઉટ/૩૬૮૫ તા.૧૧–૧૨–૦૮ થી કારણદર્શક નોટીસ કાર્યપાલક ઈજનેર, સેન્ટ્રલ ઝોનની સહીથી પાઠવેલ છે. તેવુ જણાવેલ. મુદ્દા નં.(૪) આ ગેરકાયદેસર બાંધકામ સેન્ટ્રલ ઝોન તરફથી દુર કરવા ગયેલ તે સમયે કેટલા રૂપિયાનો વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ હતો? કઈ તારીખે? કઈ રસીદ નંબર થી? જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ગેરકાયદે બાંધકામ દુર કરવાની કાર્યવાહી અંગે ડીમોલીશન ચાર્જ રસીદ નં.૩૧૨૧૫૭ તા.૩૦–૧૨–૦૮ થી ₹ ૭,૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે. તેવુ જણાવેલ. મુદ્દા નં.(૫) આ ગેરકાયદેસર બાંધકામ તોડવા ગયેલ તે સમયે તેના માલિક પાસેથી સીકયુરીટી ડીપોઝીટ પેટે કેટલી રકમ વસુલ કરવામાં આવેલ હતી? કઈ તારીખે? કઈ રસીદ નંબરથી? રોકડા કે ચેકથી? જો ચેકથી પેમેન્ટ થયું હોય તો તે ખાતામાં? અને કઈ તારીખે? જમા થયો? જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ગેરકાયદે બાંધકામ તોડવા ગયેલ તે સમયે મિલકતદાર પાસેથી રૂા. એક લાખનો ચેક નં.૪૮૨૨૬૪, ધી સુરત પીપલ્સ બેંક લી.નો જમા લેવામાં આવેલ છે. જે ચેક ખાતામાં જમા થયો હોવાની વિગતો રેકર્ડ મુજબ ઉપલબ્ધ નથી. તેવુ જણાવેલ. મુદ્દા નં. (૬) આ ગેરકાયદેસર બાંધકામ દુર કરવા ગયેલ તે સમયે સીકયુરીટી ડીપોઝીટની સાથે કોઈ લેખિત બાંહેધરી લેવામાં આવેલ છે ખરી? અને કેટલી મુદત માટેની? આ બાંહેધરી કયા સક્ષમ સત્તાધિકારી ની મંજુરી અનુસાર મેળવવામાં આવી હતી? જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ગેરકાયદે બાંધકામ દુર કરવા ગયેલ તે સમયે સીકયોરીટી ડીપોઝીટ સાથે લેખિત બાંહેધરી લેવામાં આવેલ. જેમાં બાંધકામ દુર કરવા અંગે દિન–૧૫ ની મુદત દર્શાવેલ છે અન્ય કોઈ

વિગતો રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેવુ જણાવેલ. મુદ્દા નં.(૭) આ ગેરકાયદેસર બાંધકામ સબબ મેળવેલ લેખિત બાંહેધરી પત્રની સમય મર્યાદા વીતી ગઈ હોવા છતાં કયા કારણોસર આ બાંધકામ આજદિન સુધી એમને એમ છે ? ગેરકાયદેસર બાંધકામ કયારે દુર કરવામાં આવશે? જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ હેઠળ રેકર્ડ આધારીત માહિતી આપવાની રહે છે. કારણો કે અભિપ્રાય આપવાના હોતા નથી. તેવુ જણાવેલ. જયારે અરજદારને મુળ અરજી તથા ફીની વિગત જણાવવા પત્ર પાઠવેલ તેમ છતાં કોઈ વિગત રજુ કરેલ નથી. અરજદારે અપીલ દરમ્યાન પ્રશ્ન નં.૧ અને ૨ માં ફકત રેકોર્ડો ઉપલબ્ધ ન હોવાની વાતો તેમના પત્રમાં જણાવેલ છે? તો તેનો શું અર્થ સમજવો? પ્રશ્ન નં.૩ માં ગેરકાયદેસર બાંધકામ સબબ મનાઈ હુકમ અને નોટીસ આપવાનું જણાવેલ છે. તો આ રેકર્ડ કયાંથી મેળવવામાં આવ્યા? પ્રશ્ન નં.૪ માં ડીમોલીશન ચાર્જ રસીદ મેળવેલ છે. તો રેકર્ડ કયાંથી ઉભો કર્યો? પ્રશ્ન નં.૫ માં રૂા. એક લાખની માતબર રકમનો ધી સુરત પીપલ્સ બેંક લી. ચેક નં.૪ ૮૨૨૬૪ , લેવાની વાત જમા લેવાની વાત બતાવેલ છે. પરંતુ આ ચેક કયા ખાતામાં જમા થયો હોવાની વિગતો દર્શાવેલ નથી કે રેકર્ડ પર ઉપલબ્ધ નથી એવુ જણાવેલ ? તેનો શું અર્થ સમજવો? પ્રશ્ન નં.૬ માં બાંહેધરી પત્રકમાં દિન–૧૫ માં ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની મુદત દર્શાવેલ હતી છતાં બાકી અન્ય વિગતો રેકર્ડ પર ઉપલબ્ધ નથી એમ જણાવેલ છે? તેનો શું અર્થ સમજવો? પ્રશ્ન નં.૭ માં આરટીઆઈ એકટ હેઠળ રેકર્ડ આધારીત માહિતી આપવાની રહે છે તેવું જણાવેલ છે? તો મારા ધ્વારા ઉપસ્થિત કરેલ પ્રશ્નોના જવાબો કોણ અને કયારે આપશે? અરજદારે આ મુદ્દાઓ અપીલ તબકકે પુરક પશ્નો સ્વરૂપે ઉપસ્થિત કરેલ છે.

વધુમાં અરજદારની સ્થળ તપાસ કરીને માહિતી આપવાની માંગણી કલમ–૨(એફ) અને ૨(જે)ની જોગવાઈ સાથે સુસંગત નથી.

જાહેર માહિતી કક્ષાએથી અપીલ તબકકે ચેક મેળવ્યાની દફતરી નોંધ તથા રેકર્ડ ઉપલબ્ધ નહી હોવા અંગે નાશ–નિકાલની વિગતો મંગાવવા છતાં તેમનો કોઈ પક્ષ તે અંગે રજૂ થયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૧૦–૧૧ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી સંદિગ્ધ પૂરી પાડેલ મુદ્દા નં.૧અને ૨ની તથા મુદ્દા નં.૫ અને ૬ની માહિતી અંગે અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૩) નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં તપાસણી ફી ભરવાની રીતે દિન–૭માં લાગત ફાઈલના દફતરની તપાસણી અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે. મુદ્દા નં.૭ની અરજદારની ભવિષ્યની કાર્યવાહીની માંગણી જોગવાઈઓ સાથે સુસંગત ન હોઈ તે અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

અરજદારના અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા પ્રશ્નો અંગે આરટીઆઈ એકટની જોગવાઈઓ અને નિયમો અનુસાર અલાયદી અરજી કરી માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૨

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન).....જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશચંદ્ર આઈ.ગોરસાવાળા,